RAN-2408000604030003

# RAN-2408000604030003

## S. Y. B. Com. (Sem. - IV) Examination April - 2025

## Minor - Advance Accounting and Auditing - IV

## (Accountancy and Taxation) (Paper - 2)

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) **નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.**
**Fill up strictly the details of ☛ signs on your answer book**

Name of the Examination:

☛ **S. Y. B. Com. (Sem. - IV)**

Name of the Subject :

☛ **Minor - Advance Accounting and Auditing - IV (Accountancy and Taxation) (Paper - 2)**

Subject Code No.: **2408000604030003**

Seat No.:

Student's Signature

(2) જરૂરી ગણતરી તમારા જવાબના ભાગરૂપે દર્શાવો.

**પ્ર. 1. માંગ્યા પ્રમાણે જવાબ આપો (કોઈપણ પાંચ)** **10**

1. નીચેની માહિતી પરથી ચોખ્ખી મિલકતના ધોરણે શેરનું મૂલ્યાંકન કરો.
   શેરની વાજબી કિંમત રૂ. 125
   વળતરનો અપેક્ષિત દર 10%
   ડિવિડન્ડનો સરેરાશ દર 14%
   ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત રૂ. 100
   ઈક્વિટી શેરની ભરપાઈ કિંમત રૂ. 80
2. શ્રી પાર્થના ભાડે આપેલ મકાનની વિગતો નીચે મુજબ છે:
   મ્યુનિસિપલ આકારણી મુજબનું મૂલ્ય રૂ. 1,60,000
   અપેક્ષિત વાજબી ભાડું રૂ. 1,50,000
   પ્રમાણિત ભાડું રૂ. 1,70,000
   મળેલ ભાડું માસિક રૂ. 15,000
   ભાડૂઆત દ્વારા રૂ. 5,100નો મ્યુનિસિપલ ટેક્સ ચૂકવવામાં આવ્યો છે.
   આકારણી વર્ષ 2024-25 માટે ચોખ્ખા વાર્ષિક મૂલ્યની ગણતરી કરો.

3. શ્રી અર્જુનના SGSTના ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેઝરમાં તા. 1-1-2024ના રોજ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ અંગે રૂ. 2,30,000ની રકમ છે. તેઓએ નીચે મુજબ જવાબદારીઓ ચૂકવવાની થાય છેઃ

અ. જાન્યુઆરી, 2024 માટે CGSTની ચૂકવવાપાત્ર રકમ રૂ. 1,20,000

બ. જાન્યુઆરી, 2024 માટે IGSTની ચૂકવવાપાત્ર રકમ રૂ. 1,50,000

ક. જાન્યુઆરી, 2024 માટે SGSTની ચૂકવવાપાત્ર રકમ રૂ. 50,000

ઇનપુટ ટેક્ષ ક્રેડિટની જમા બાકીનો તમે કેવી રીતે ઉપયોગ કરશો તે જણાવો.

4. તા. 01-09-2023ના રોજ નિવૃત્ત થયેલા શ્રી ધનંજયને પેન્શન તરીકે મહિને રૂ. 5,000 મળે છે. તા. 01-03-2024ના રોજ તેમણે તેમના પેન્શનની 70% રકમ કોમ્યુટ કરાવીને રૂ. 4,20,000 એકસામટી રકમ મેળવી. તમારે તેમના કરપાત્ર પેન્શનની ગણતરી એ ધારીને કરવાની રહેશે કેઃ તેઓ ખાનગી કંપનીના કર્મચારી છે અને નિવૃત્તિ સમયે તેમને કોઇ ગ્રેચ્યુઇટી મળી ન હતી.

5. એક કંપનીના રૂ. 100ના ઇક્વિટી શેરની આંતરિક કિંમત રૂ. 250 છે. નીચેની માહિતી પરથી ઇક્વિટી શેરની બજાર કિંમત શોધો.

50% કરવેરા બાદ કર્યા પહેલાનો સરેરાશ નફો રૂ. 70,000

ચોખ્ખી મિલકતો રૂ. 2,50,000

અપેક્ષિત વળતરનો દર 15%

ઇક્વિટી શેરમૂડી, 10%ની પ્રેફરન્સ શેરમૂડી કરતાં બમણી છે.

6. આવકના શીર્ષકો જણાવો.

7. આકારણીનો અર્થ આપી તેના પ્રકારો જણાવો.

**પ્ર. 2.** વિજય લિ.નું. તા. 31-12-2024ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતુંઃ **14**

| વિગત | નોંધ | રૂ. |
|---|---|---|
| **A. ઇક્વિટી અને જવાબદારીઓઃ** | | |
| **1. શેરહોલ્ડરોના ભંડોળોઃ** | | |
| અ. શેરમૂડી : 1800 ઇક્વિટી શેર દરેક રૂ. 100ના | | 1,80,000 |
| 2000 ઇક્વિટી શેર દરેક રૂ. 100ના | | 1,80,000 |
| 10%ની પ્રેફરન્સ શેરમૂડી | | 2,00,000 |
| બ. અનામત અને વધારોઃ નફા-નુકશાન ખાતું | | 2,00,000 |
| **2. બિનચાલુ દેવાંઃ** | | |
| અ. લાંબાગાળાના ઉછીનાં નાણાં : 10%ના ડિબેન્ચર | | 2,00,000 |
| બ. લાંબાગાળાની જોગવાઈઓઃ | | |

| | | |
|---|---|---|
| ઘસારા ફંડ : જમીન મકાન | | 1,20,000 |
| મશીનરી | | 80,000 |
| **3. ચાલુ દેવાં :** | | |
| અ. વેપારી દેવાં : લેણદારો | | 1,60,000 |
| દેવીહૂંડી | | 80,000 |
| **કુલ** | | **14,00,000** |
| **B. મિલકતો :** | | |
| **1. બિનચાલુ મિલકતો :** | | |
| અ. કાયમી મિલકતો : | | |
| i. દશ્ય મિલકતો : જમીન મકાન (પડતર કિંમતે) | | 2,00,000 |
| મશીનરી (પડતર કિંમતે) | | 2,00,000 |
| ii. અદશ્ય મિલકતો : પાઘડી | | 1,20,000 |
| બ. બિનચાલુ રોકાણો : | | |
| L & T Co. ના શેરમાં રોકાણ (દા.કિં. રૂ. 1,00,000) | | 2,80,000 |
| ક. અન્ય બિનચાલુ મિલકતો : | | |
| જાહેરાત ઉપલક ખાતું | | 40,000 |
| **2. ચાલુ મિલકતો :** | | |
| અ. માલસામગ્રી : સ્ટોક | | 1,60,000 |
| બ. વેપારી લેણાં : દેવાદારો | | 1,20,000 |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો : રોકડ સિલક | | 2,60,000 |
| ડ. અન્ય ચાલુ મિલકતો : અગાઉથી ચૂકવેલ ખર્ચા | | 20,000 |
| **કુલ** | | **14,00,000** |

નીચેની વિગતો પરથી ઇક્વિટી શેરની વાજબી કિંમત શોધો:

1. જમીન-મકાનની બજાર કિંમત, ચોપડે કિંમત કરતાં 20% વધુ છે. જ્યારે મશીનરીની ચોપડે કિંમત, બજાર કિંમત કરતાં 20% વધુ છે.
2. L & T Co. ના શેરનો બજારભાવ રૂ. 234 છે.
3. અપેક્ષિત વળતરનો દર 10% છે.
4. કંપનીનો છેલ્લાં ત્રણ વર્ષનો 50% કરબાદ કર્યા પહેલાંનો નફો અનુક્રમે રૂ. 1,70,000, રૂ. 2,32,000 અને રૂ. 1,50,000 હતો.
5. કંપનીની પાઘડીની કિંમત, જે ચોપડે દર્શાવેલ છે, તે વાસ્તવિક કિંમત કરતા 3/5 ભાગ જેટલી છે.

**અથવા**

**પ્ર. 2.** A. ફાલ્ગુન લિ.ની શેરમૂડી નીચે મુજબ છે : **08**

| | રૂ. |
|---|---|
| 14,000 A ઈક્વિટી શેર દરેક રૂ. 100 નો પૂરા ભરપાઈ | 14,00,000 |
| 14,000 B ઈક્વિટી શેર દરેક રૂ. 100 નો, શેરદીઠ રૂ. 80 ભરપાઈ | 11,20,000 |
| 14,000 C ઈક્વિટી શેર દરેક રૂ. 100 નો, શેરદીઠ રૂ. 50 ભરપાઈ | 7,00,000 |
| વસૂલ આવેલી શેરમૂડી | 32,20,000 |
| + સામાન્ય અનામત | 4,20,000 |
| + લેણદારો | 3,60,000 |
| | 40,00,000 |

કંપનીનો કરબાદ સરેરાશ નફો રૂ. 1,61,000 અંદાજેલ છે. આ જ પ્રકારનો ધંધો કરતી અને 15% ડિવિડન્ડ આપતી કંપનીના ઈક્વિટી શેરનો બજારભાવ તેની ભરપાઈ થયેલ રકમ કરતાં દોઢ ગણો છે. આ માહિતી પરથી (1) ચોખ્ખી મિલકતની પધ્ધતિએ અને (2) ઊપજના ધોરણે શેરનું મૂલ્યાંકન કરો.

**પ્ર. 2.** B. શ્રી કીર્તિ અમદાવાદની એક ખાનગી લિમિટેડ કંપનીમાં નોકરી કરે છે. 2023-24ના પાછલા વર્ષ માટે તેના પગાર અંગેની વિગતો નીચે મુજબ છે : **06**

મૂળ પગાર માસિક રૂ. 45,000, મોંઘવારી ભથ્થું માસિક રૂ. 15,000, બોનસ રૂ. 36,000, મનોરંજન ભથ્થું વાર્ષિક રૂ. 24,000. સજાવટવાળું મકાન જે માટે કંપની તેના પગારમાંથી વાર્ષિક રૂ. 23,501 વસૂલ કરે છે. ફર્નિચરની મૂળકિંમત રૂ. 5,10,000 છે અને તે મકાન અંગે કંપની માસિક રૂ. 25,000 ભાડું ચૂકવે છે.

2024-25ના આકારણી વર્ષ માટે રહેઠાણના સવલતની કરપાત્ર કિંમત શોધો.

**પ્ર. 3.** શ્રી વિભત્સુ તા. 1-10-2019ના રોજ અતુલ કંપનીમાં મૂળ પગાર રૂ. 1,25,000 - 5,000 - 1,40,000 - 10,000 - 2,50,000ના ગ્રેડમાં મેનેજર તરીકે જોડાયા. પાછલા વર્ષ 2023-24 દરમ્યાન તેમની નીચેની વિગતો પરથી આકારણી વર્ષ 2024-25 માટે પગારની કરપાત્ર આવક શોધો. **14**

1. મોંઘવારી ભથ્થું મૂળ પગારના 40%, જે પૈકી 50% રકમ પ્રોવિડન્ટ ફંડની ગણતરી માટે ધ્યાનમાં લેવાય છે.
2. મનોરંજન ભથ્થું મહિને રૂ. 8,000.
3. તેમનાં બે બાળકો માટે બાળકદીઠ મહિને રૂ. 1,200 લેખે શિક્ષણ ભથ્થું
4. ગેસ, વીજળી, પાણીના રૂ. 18,000 કંપનીએ ચૂકવ્યા જે પૈકી ⅔ અંગત વપરાશ છે.
5. માલિકે 1.8 ક્યુબિક કેપેસિટીની ક્ષમતાના એન્જિનની મોટરકાર (ડ્રાઈવરની સગવડ સહિત) આપેલ છે. આ ગાડીનો ઉપયોગ અંશતઃ ધંધા માટે અને અંશતઃ અંગત હેતુઓ માટે થાય છે. આ અંગેના બધાં જ ખર્ચા માલિક ભોગવે છે.

6. માલિક દ્વારા ચૂકવવામાં આવતી વાર્ષિક ક્રેડિટ કાર્ડ ફી રૂ. 7,000 (ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ઓફિસના હેતુઓ માટે થતો નથી)
7. તેમના વતી તેમનું જીવનવીમા પ્રિમિયમ રૂ. 10,300 અને જાહેર ભવિષ્યનિધિ ખાતામાં રૂ. 32,000 કંપનીએ ચૂકવ્યા છે.
8. મૂળ પગાર તથા 50% મોંઘવારી ભથ્થા સહિતની રકમના 15% જેટલી રકમ માન્ય પ્રો. ફંડમાં તેઓ ફાળવે છે. કંપની પગારના 12% જેટલો ફાળો આપે છે.
9. વ્યવસાય વેરો (આમાંથી 50% માલિક દ્વારા ચૂકવવામાં આવે છે) રૂ. 4,000
10. કંપનીએ તેમના વતી હોટલ કલબનું બીલ રૂ. 42,000 ચૂકવ્યું.
11. ઓફિસ સમય દરમ્યાન થયેલ ઈજાનું વળતર રૂ. 9,500 કંપનીએ ચૂકવ્યું.

**અથવા**

**પ્ર. 3.** શ્રી જીષ્ણુ ચાર મકાનો ધરાવે છે, જેની વિગતો નીચે મુજબ છે : **14**

| વિગત | મકાન – 1 | મકાન – 2 | મકાન – 3 | મકાન – 4 |
|---|---|---|---|---|
| 1. ઉપયોગ | રહેઠાણ માટે ભાડે | રહેઠાણ માટે ભાડે | અંગત ધંધા માટે | અંગત રહેઠાણ |
| 2. મ્યુનિસિપલ આકારણી | 90,000 | 60,000 | 1,13,250 | 1,44,000 |
| 3. વાજબી ભાડું | 67,500 | 63,000 | 81,750 | 1,35,000 |
| 4. મળવાપાત્ર ભાડું (માસિક) | 6,750 | 4,800 | - | - |
| 5. કુલ સ્થાનિક વેરા | 8% | 7% | 6% | 10% |
| 6. જે પૈકી માલિકે ચૂકવેલ વેરા | 5% | 5% | 5% | 10% |
| 7. ભાડૂઆતે ચૂકવેલ વેરા | 3% | 2% | 1% | - |
| 8. પ્રમાણિત ભાડું | 85,500 | - | - | - |
| 9. બાંધકામ માટેની લોન પર વ્યાજ (ચૂકવવાનું બાકી) | 45,000 | 22,500 | - | 45,000 |
| 10. બાંધકામ સમય દરમિયાન ચૂકવેલ વ્યાજ (કુલ) | 45,000 | 22,500 | 15,000 | 18,000 |
| 11. બાંધકામ પૂરું થયા વર્ષ | 2021-22 | 2018-19 | 2019-20 | 2020-21 |

શ્રી જીષ્ણુની આકારણી વર્ષ 2024–25 માટે મકાન મિલકતની કરપાત્ર આવક શોધો.

**પ્ર. 4.** **ટૂંકનોંધ લખો (ગમે તે ત્રણ):** **12**

1. શેરના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો
2. આવકના પત્રકના પ્રકાર
3. ઈનપુટ વેરા શાખ
4. વેરા ભરતિયું
5. ચોખ્ખું વાર્ષિક મૂલ્ય

## ENGLISH VERSION

**Instructions:**

(1) Show the required calculation as part of your answer.

**Q. 1. Give the answers as per instruction : (Any Five)** **10**

1. From the information given below, evaluate the shares as per Net Assets basis.

   Fair Value of shares Rs. 125

   Expected rate of return 10%

   Average rate of dividend 14%

   Face value of Equity shares Rs. 100

   Paid up value of Equity shares Rs. 80

2. The details of the let-out for residence house of Mr. Parth are as follows:

   Municipal assessed value Rs. 1,60,000

   Expected fair rent Rs. 1,50,000

   Standard rent Rs. 1,70,000

   Rent received per month Rs. 15,000

   The tenant has paid a municipal tax of Rs. 5,100.

   Calculate the net annual value for the assessment year 2024-25.

3. Shri Arjun has a sum of Rs. 2,30,000 on account of input credit of SGST in the electronic credit ledger on 1-1-2024. He has to pay the following tax liabilities :

   a. CGST payable for the month of January, 2024 Rs. 1,20,000

   b. IGST payable for the month of January, 2024 Rs. 1,50,000

   c. SGST payable for the month of January, 2024 Rs. 50,000

   State how you will utilize the credit balance of Input Tax Credit.

4. Mr. Dhananjay, who retired on 01-09-2023, receives a monthly pension of Rs. 5,000. On 01-03-2024, he commuted 70% of his pension and received Rs. 4,20,000 as commuted pension. You have to calculate his taxable pension assuming that: He is an employee of a private company and did not receive any gratuity at the time of retirement.

5. The intrinsic value of equity shares of a company of Rs. 100 is Rs. 250. Find the market value of the equity shares from the following information.

   Average profit before tax of 50% Rs. 70,000

   Net assets Rs. 2,50,000

   Expected rate of return 15%

   Equity share capital is twice of the 10% preference share capital.

6. State the titles of income.
7. Give the meaning of assessment and state its types.

**Q. 2.** Balance sheet as on 31-12-2024was as follows of Vijay Ltd. **14**

| **Pariculars** | **Note** | **Rs.** |
|---|---|---|
| **A. Equity and Liabilities :** | | |
| **1. Shareholders' Funds:** | | |
| a. Share Capital: 1800 Equity share, each Rs. 100 | | 1,80,000 |
| 2000 Equity share, each Rs. 100 | | 1,80,000 |
| 10% Preference share capital | | 2,00,000 |
| b. Reserve & Surplus : P & L A/c | | 2,00,000 |
| **2. Non-current liabilities:** | | |
| a. Long term borrowings : 10% Debentures | | 2,00,000 |
| b. Long term provisions : | | |
| Depreciation fund : Land building | | 1,20,000 |
| Machinery | | 80,000 |
| **3. Current Liabilities :** | | |
| a. Trade payables : Creditors | | 1,60,000 |
| Bills payable | | 80,000 |
| **Total** | | **14,00,000** |
| **B. Assets:** | | |
| **1. Non-current Assets:** | | |
| a. Fixed Assets | | |
| i. Tangible Assets : Land building (Cost value) | | 2,00,000 |
| Machinery (Cost value) | | 2,00,000 |
| ii. Intangible Assets : Goodwill | | 1,20,000 |
| b. Non-current Investments: | | |
| Investment in Shares of L & T Co. (Face value Rs. 1,00,000) | | 2,80,000 |
| c. Other Non-current Assets : | | |
| Advertisement suspense account | | 40,000 |
| **2. Current Assets:** | | |
| a. Inventories : Stock | | 1,60,000 |
| b. Trade Receivables : Debtors | | 1,20,000 |
| c. Cash and cash equivalent: Cash balance | | 2,60,000 |
| d. Other current assets: Prepaid expenses | | 20,000 |
| **Total** | | **14,00,000** |

Find the fair value of equity shares from the following details:

1. The market value of land and buildings is 20% more than the book value. While the book value of machinery is 20% more than the market value.
2. The market price of shares of L&T Co. is Rs. 234.
3. The expected rate of return is 10%.
4. The company's profit before tax of 50% for the last three years was Rs. 1,70,000, Rs. 2,32,000 and Rs. 1,50,000 respectively.
5. The price of the company's goodwill, as shown in the book, is 3/5 th of the actual price.

**OR**

**Q. 2.** A. The share capital of Falgun Ltd. is as under : **08**

| | Rs. |
|---|---|
| 14,000 A Equity shares of Rs. 100 each fully paid up | 14,00,000 |
| 14,000 B Equity shares of Rs. 100 each, Rs. 80 paid up | 11,20,000 |
| 14,000 C Equity shares of Rs. 100 each, Rs. 50 paid up | 7,00,000 |
| Paid up Capital | 32,20,000 |
| + General Reserve | 4,20,000 |
| + Creditors | 3,60,000 |
| | 40,00,000 |

The average estimated profit of the company after tax is Rs. 1,61,000. The market price of the equity shares of a company doing the same type of business and paying a 15% dividend is 1.5 times its paid-up amount. Find out the value of share, (1) on the basis of net assets method and (2) on the yield basis method from the details given above.

**Q. 2.** B. Shri Kirti is employed in a limited company at Ahmedabad. Following are the particulars of his salary for the financial year 2023-24 : **06**

Basic salary Rs. 45,000 per month, Dearness Allowance Rs. 15,000 per month, Bonus Rs. 36,000, Entertainment Allowance Rs. 24,000 per year, Furnished accommodation for which the company charges Rs. 23,501 p.a. Original cost of furniture is Rs. 5,10,000 and rent payable by the company for the said house is Rs. 25,000 per month.

Determine the taxable value of residential accommodation for the assessment year 2024-25.

**Q. 3.** Shri Vibhatsu joined Atul Company on 1-10-2019 as a Manager in the grade of basic salary Rs. 1,25,000 - 5,000 - 1,40,000 - 10,000 - 2,50,000. Find his taxable income from salary for the assessment year 2024-25 from the following details during the previous year 2023-24. **14**

1. Dearness allowance 40% of basic salary, out of which 50% amount is considered for calculating Provident Fund.
2. Entertainment allowance Rs. 8,000 per month.
3. Education allowance given is Rs. 1,200 per month per child for his two children.
4. Gas, electricity, water Rs. 18,000 paid by the company out of which 2/3 is for personal consumption.
5. The employer has provided a motor car (including driver's facilities) with an engine of 1.8 cubic capacities. This vehicle is used partly for business and partly for personal purposes. All expenses in this regard are borne by the owner.
6. Annual credit card fee paid by the employer is Rs. 7,000 (Credit card is not used for office purposes)
7. His life insurance premium is Rs. 10,300 and Rs. 32,000 in Public Provident Fund account is paid by the company on his behalf.
8. He contributes 15% of the amount including basic salary and 50% dearness allowance to the recognized Provident Fund. The company's contribution is 12% of the salary.
9. Professional tax (50% of this is paid by the owner) is Rs. 4,000
10. The company paid the hotel club bill on his behalf Rs. 42,000.
11. Rs. 9,500 as compensation for injury during office hours is also paid by the company.

**OR**

**Q. 3.** Shri Jishnu owns four houses, the details of which are as follows: **14**

| **Pariculars** | **House 1** | **House 2** | **House 3** | **House 4** |
|---|---|---|---|---|
| 1. Nature of occupation | Let-out for residence | Let-out for residence | For own business | Self-occupied |
| 2. Municipal value | 90,000 | 60,000 | 1,13,250 | 1,44,000 |
| 3. Fair rent | 67,500 | 63,000 | 81,750 | 1,35,000 |
| 4. Rent receivable (monthly) | 6,750 | 4,800 | - | - |
| 5. Total Local taxes | 8% | 7% | 6% | 10% |
| 6. From which taxes paid by the owner | 5% | 5% | 5% | 10% |
| 7. Taxes paid by tenant | 3% | 2% | 1% | - |
| 8. Standard rent | 85,500 | - | - | - |
| 9. Interest on construction loan (due) | 45,000 | 22,500 | - | 45,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 10. Interest paid during construction period (total) | 45,000 | 22,500 | 15,000 | 18,000 |
| 11. Year of construction completion | 2021-22 | 2018-19 | 2019-20 | 2020-21 |

Find the taxable income of Shri Jishnu's house property for the assessment year 2024-25.

**Q. 4. Write a short note: (any three)** **12**

1. Factors affecting valuation of shares
2. Types of income statement
3. Input tax credit
4. Tax invoice
5. Net annual value

---